22/12/2020

રા.મ.ન.પા./લીગલ/જા.નં.1571

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા. 22/12/2020

પરિપત્ર :

વિષય : ઇ.પી.એફ. યોજના અંતર્ગત આપવાની થતી માહિતી

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારી કે જેઓને ઇ.પી.એફ. યોજના લાગુ પડે છે, અથવા તો જેઓને એક વખત આ યોજના લાગુ પડી ગયેલ હોય, તેઓના ઇ.પી.એફ. એકાઉન્ટના કે.વાય.સી. (K.Y.C) ફોર્મમાં આધાર કાર્ડ, પાનકાર્ડ, બેંક એકાઉન્ટની વિગતો તથા મોબાઇલ નંબર અપડેટ કરવાના બાકી હોય તેનું લીસ્ટ ઇ.પી.એફ. કચેરીમાં જે કર્મચારી/એકાઉન્ટ હોલ્ડરની જરૂરી વિગતો પુરી પાડવામાં આવેલ ન હોય તે સત્વરે પુરી પાડવાની થાય છે. તથા અત્રેથી આ કામગીરીના સફળતા અર્થે નિયુક્ત કરવામાં આવેલ પેનલ એડવોકેટ તરફથી ઇ-મેઇલ મારફતે યાદી પુરી પાડેલ છે. જે આ સાથે સામેલ છે. સદરહું લીસ્ટના કર્મચારીઓની વિગત સંબંધિત શાખાએ દિન-૨ માં પેનલ એડવોકેટ અથવા કન્સલ્ટન્ટ ને અચુકપણે પહોંચતી કરવાની થાય છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ દ્વારા સને ૨૦૧૬ થી આજદિન સુધી કોન્ટ્રાક્ટરો મારફતે કાર્ય કરાવેલ હોય જેમાં માનવશ્રમનો ઉપયોગ થયો હોય, તે સંબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે કે કેમ? તેની ખરાઇ બાદ જ સંબંધિત કોન્ટ્રાક્ટરશ્રીઓના બીલ પાસ કરવા અંગેની સુચના આપવામાં આવેલ છે. જેમાં કરોડો રૂપિયાની રકમ સંબંધિત સુચના આપવામાં આવે છે. સંબંધિત કોન્ટ્રાક્ટરોની તથા તેઓને ત્યાંના શ્રમિકોની ઇ.પી.એફ. કચેરી તરફથી આવેલ પત્રમાં દર્શાવેલ વિગતો તાત્કાલિક અસરથી પેનલ એડવોકેટશ્રીને દિન-૧૫ માં પહોંચતી કરવા દરેક શાખાધિકારીને સુચિત કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા
હિસાબી શાખા
ઇનવર્ડ નં. 3549
તારીખ 29/12/2020

સદરહું વિગત નિયત સમયમર્યાદામાં ન પહોંચવાના સંજોગોમાં બદલ તે અધુરો અને ખોટી વિગતો મોકલવા બાબતે સબંધિત શાખાધિકારીની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવામાં આવશે. જેથી લીસ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના **રાજકોટ મહાનગરપાલિકાના** કર્મચારીઓની વિગતો તથા આપની કચેરી હસ્તકના કોન્ટ્રાક્ટર તથા તેઓ હસ્તકના શ્રમિકોની વિગતો યોગ્ય ચકાસણી કરી નિયત કરેલ સમયમર્યાદામાં પેનલ એડવોકેટને પહોંચતી કરવી. તથા તેની જાણ લીગલ શાખાને કરવી.

ઉપરોક્ત પરિપત્રનો **યુસ્તપણે** તાત્કાલિક અસરથી અમલ કરવો.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના :-
- માન. કમિશનર સાહેબ
- નાયબ કમિશનર (જી.એ./એ.એ.)

નકલ રવાના :-
તમામ શાખાધિકારી (અમલ્લમાટે)

પેનલ એડવોકેટનું સરનામું : શ્રધ્ધા કન્સલ્ટન્ટ
૫૦૨ એક્ઝોટ સ્કેર
ટાગોર રોડ, સાયકલ ઝોન ઉપર
રાજકોટ. ફોન નં. ૨૪૬૩૩૮૦

નોંધ : સબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન ન ધરાવતા હોય તેવા તમામ કોન્ટ્રાક્ટરોના બીલો ઓડિટ તથા હિસાબી શાખાએ મંજુર કરવા નહિ.